**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧/૭/૨૦૧૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૫/૧૪</u>**

**" ૩૦૦ કિલોગ્રામ ગૌ માંસના જથ્થાની હેરાફેરી કરતી ઓટોરિક્ષા સાથે એક ઇસમ ક્રાઇમ બ્રાન્ચના હાથે ઝડપાયો "**

અમદાવાદ શહેરમાં દીન પ્રતિદીન શહેરના આજુબાજુના ગામડાઓ તથા શહેરની ગીચ વસ્તીમાં ચાલતા ગેર કાયદેસરના કતલખાનાઓમાં ગૌવંશ ની ક્રુર હત્યા કરી મોટા પાયે ગૌ માંસ ને અમદાવાદ શહેરમાં ઠાલવવામાં આવે છે.અને આવા ગેર કાયદેસર ના કુત્યો ઉપર રોક લાવવા તથા અટકાવવા સારુ ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા આપેલ સખત સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આ.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા પોસ.ઇ. શ્રી એચ.પી.કરેણ નાઓ પોતાના સ્કોર્ડ ના સ્ટાફ સાથે ગૌ વંશ હેરાફેરી કરતા ઇસમોને શોધી પકડી પાડવા સારુ અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન આજરોજ તા.૧.૭.૨૦૧૪ ના રોજ પોલીસ કોન્સ.જાવેદખાનની બાતમી હકીકત આધારે જમાલપુર પગથીયા પાસેથી ઓટોરિક્ષા નં.GJ-01-BT-2514 સાથે અલ્તાફશાં શબ્બીરશાં દિવાન રહે.નગીના મસ્જીદની બાજુમાં રામરહીમનો ટેકરો અમદાવાદનાને પકડી પાડેલ અને તેની ઓટોરિક્ષાની પેસેન્જર સીટની જગ્યાએથી ૩૦૦ કિલો ગૌવંશ તથા ભેંસવંશનો જથ્થો કિ.રુ.૩૦,૦૦૦/- નો તથા ઓટોરિક્ષાની કિ.રુ.૭૦,૦૦૦/- મળી કુલ્લે રુ.૧,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે અને અલ્તાફશાં દિવાન વિરુધ્ધ ઇપીકો કલમ ૪૨૯ તથા પશુસંરક્ષણ ધારા ૨૦૧૧ ની કલમ ૫, ૬(ખ) ૮ તથા પશુઘાતકીપણા કલમ ૧૧(એલ) મુજબ ફરિયાદ દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. ગૌમાંસના જથ્થાનો મ્યુનિ.સેનેટરી અધિકારી દ્વારા નાશ કરવામાં આવેલ છે.

**<u>વટવા પો.સ્ટે. :-</u>**

વટવા પોસ્ટે ફ. ૧૯૨/૧૪ ધી ઇ,પી.કો કલમ ૩૦૨,૩૨૩,૨૯૪(ખ), ૧૧૪ તથા જીપીએક્ટ કલ્મ ૧૩૫(૧) મુજબ ના કામના આરોપીઓ સાદિકહુસૈન ઝહિરહુસૈઅન મોમીન ઉ,વ ૨૪ રહે ૫૨ અલ્ મુર્તુજા હાઉસીંગ સોસા ગુલમહોર સોસા ની બાજુમા બીબી તળાવ પાસે વટ્વા અ;વાદ (૨) ફીઝાબાનુ વા/ઓ ઝહીરહુસૈન ગુલાબભાઇ મોમીન ઉ,વ ૪૫ રહે ૫૨ અલ્ મુર્તુજા હાઉસીંગ સોસા ગુલમહોર સોસા ની બાજુમા બીબી તળાવ પાસે વટ્વા અ;વાદ નાને ઉપરોકત ગુનામાં કામે તા.૩૦/૦૬/૨૦૧૪ ના કલાક ૧૯/૩૦ વાગે સીની.પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.જે.ચૌધરી નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.